રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા, પ્રતિપળ ઉજ્જવળ રાખું.

**રાજ્યમાં વધુ ૪૭૭ નવા કેસ : અમદાવાદમાં ૩૪૮ : ગાંધીનગરમાં ૦૮**

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૦ | ૯ જુન, ૨૦૨૦, મંગળવાર; જેઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મહારાષ્ટ્રમાં કોરોનાનો હાહાકાર : ચીનથી વધુ કેસ

**કોરોનાની સામે મહારાષ્ટ્ર બેહાલ : ચીનથી પણ વધારે ૮૫,૯૭૫ કેસ : મૃત્યુઆંક વધીને ૩૦૬૦ : દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના સૌથી વધુ ૯૮૮૩ કેસ : કુલ આંકડો અઢી લાખને પાર**



નવી દિલ્હી, તા.૮

લોકડાઉનમાં અપાયેલી ઢીલ પછી દેશમાં કોરોના બીમારના દર્દીઓનો આંકડો સતત વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯૮૮૩ કેસ નોંધાયા છે. દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૨,૫૬,૬૧૧ કેસ નોંધાયા છે. સૌથી ખરાબ હાલત મહારાષ્ટ્રની છે. મહારાષ્ટ્રમાં ર્ક્ફેંઢ-૧૯ના કુલ ૮૬,૦૦૦ની નજીક કેસ સામે આવી ચૂક્યા છે. આ આંકડો કોરોના વાયરસના ઉદભવ સ્થાન ચીનથી પણ વધી ગયો છે. ચીનમાં કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંકડો ૮૩,૦૦૦ સુધી પહોંચ્યો હતો, જે પછી ચીની સરકારે કોરોના પર કાબૂ મેળવવા માંડ્યો હતો. જોકે ચીન પર આંકડાઓ ખોટા દર્શાવવાના આરોપ સતત લાગી રહ્યા છે. રવિવારે મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના ૩૦૦૭ નવા કેસ સામે આવ્યા હતા. એક દિવસમાં નવા કેસોનો આ સૌથી મોટા આંકડો હતો. જે પછી રાજ્યમાં કુલ કેસ વધીને ૮૫,૯૭૫ થયા છે, જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

## કોમ્યુનિટી ટ્રાન્સમિશનના તબક્કે દિલ્હી સરકાર અત્યંત તણાવમાં

**આજે નાયબ મુખ્યમંત્રી સિસોદિયાના અધ્યક્ષસ્થાને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સાથે બેઠક : રાજધાની દિલ્હી ખાતે વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે**

નવી દિલ્હી, તા. ૮

શું દિલ્હી કોરોના કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્થિતિમાં આવી છે? આ પ્રશ્ને દિલ્હી સરકારનું ટેન્શન વધાર્યું છે. આથી જ દિલ્હીમાં મંગળવારે દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સાથે બેઠક થશે. બેઠકમાં ચર્ચા કરવામાં આવશે કે દિલ્હીમાં કોરોના ઈન્ફેક્શનની હાલત શું છે? શું સમુદાય ટ્રાન્સમિશન શરૂ થયું છે? આને રોકવા માટે કયા પગલા ભરવાની જરૂર છે? આ બેઠકની અધ્યક્ષતા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જગ્યાએ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા કરશે. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં કોરોના વાયરસનો ચેપ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે, જેના કારણે એક અંદાજ મુજબ દિલ્હીમાં કોરોના વાયરસનો સમુદાય ફેલાવો શરૂ થયો છે. નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાએ ટ્વિટ કરીને માહિતી આપી છે કે દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની બેઠક તેના નિયત સમયપત્રક મુજબ મંગળવારે યોજાશે. તેમણે મને આ બેઠક માટે અધિકૃત કર્યા છે, કારણ કે મુખ્ય પ્રધાનની તબિયત સારી નથી. તેમણે કહ્યું કે આ બેઠકમાં ચર્ચા થવાની છે કે શું દિલ્હીમાં કોરોના સમુદાય ટ્રાન્સમિશનની સ્થિતિમાં પહોંચી ગયો છે. દેશની રાજધાનીમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. સોમવારે સવાર સુધીમાં દિલ્હીમાં લગભગ ૨૯ હજાર કેસ થયા હતા. તેમાંથી, અત્યાર સુધીમાં ૧૦,૯૯૯ કોરોના દર્દીઓ સ્વસ્થ બન્યા છે. તે જ સમયે, ૧૭,૧૨૫ સક્રિય દર્દીઓની સારવાર હજુ પણ ચાલી રહી છે. દિલ્હી સરકારના જણાવ્યા અનુસાર, ૧૨,૨૧૩ કોરોના દર્દીઓ તેમના ઘરોમાં એકાંતમાં રહેવા જણાવ્યું છે. અહીં મૃત્યુઆંક ૮૧૨ પર પહોંચી ગયો છે. દિલ્હીમાં કોરોના હોટસ્પોટ્સની સંખ્યા પણ વધીને ૧૬૯ થઈ ગઈ છે.

## શ્રમ મંત્રાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ

નવી દિલ્હી,તા.૮

ભારતમાં છેલ્લા ઘણા દિવસથી કોરોના વાયરસ રેકોર્ડ સ્તરે વધી રહ્યો છે ત્યારે દિલ્હીમાં મંત્રાલયોમાં પણ કાળમુખો વાયરસ પોતાનો પગપેસારો કરી રહ્યો છે. પહેલા સ્વાસ્થ્ય મંત્રાલય પછી રક્ષા મંત્રાલય અને હવે શ્રમ મંત્રાલયમાં પણ કોરોના વાયરસનો હાહાકાર જોવા અમલી રહ્યો છે. શ્રમ મંત્રાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ થતા ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. દેશમાં સતત કોરોના સંકટ વધતો જઈ રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી દરરોજ દસ હજારની આસપાસ કોરોના વાયરસના નવા કેસ સામે આવી રહ્યા છે. સોમવારે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયનાં કાર્યાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોનાના ઝપેટમાં આવ્યા. દેશમાં જે રીતે કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે તેમાં દિલ્હીના વિવિધ મંત્રાલયો પણ બાકાત નથી. અત્યાર સુધી કેટલાય મંત્રાલયોના અધિકારીઓ મહામારીની ઝપેટમાં આવી ગયા છે. પહેલા સ્વાસ્થ્ય મંત્રાલય પછી રક્ષા મંત્રાલય અને હવે શ્રમ મંત્રાલયમાં પણ કોરોના વાયરસનો હાહાકાર જોવા મળ્યો છે. આટલું જ નહીં દિલ્હી મેટ્રો અને દિલ્હીના ઉપરાજ્યપાલ ઓફિસના પણ કેટલાય અધિકારીઓ કોરોના પોઝિટિવ નીકળ્યા હતા. શ્રમ મંત્રાલયમાં એક સાથે ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૧૪૦૧૭૧ | ૪૦૭૨૧૧ | ૩૪૭૮૦૩૦ |
| ભારત | ૨૬૪૨૪૬ | ૭૪૪૯ | ૧૨૭૯૯૧ |
| ગુજરાત | ૨૦૫૭૪ | ૧૨૮૦ | ૧૩૯૬૪ |
| ગાંધીનગર | ૪૨૮ | ૧૯ | ૧૮૯ |

## ન્યૂઝીલેન્ડમાં કોરોનાનો કહેર ખતમ

**એક્ટિવ કેસ સ્વસ્થ થતા સાથે સરકારનો નિર્ણય : લોકડાઉન હટાવાયું : ન્યૂઝીલેન્ડમાં છેલ્લા ૧૭ દિવસમાં કોરોનાનો એકપણ કેસ સામે ન આવતાં સરકારનું પગલું**

ઓકલેન્ડ, તા. ૮

ન્યૂઝીલેન્ડમાં કોરોના વાયરસનો સંપૂર્ણ રીતે ખાત્મો થઈ ગયો છે. જેથી હવે ત્યાંની સરકારે દેશમાંથી લોકડાઉનને હટાવવાનો નિર્ણય લીધો છે. સોમવારે ન્યૂઝીલેન્ડમાં કોરોના વાયરસના છેલ્લો એક્ટિવ કેસ સ્વસ્થ થયા બાદ સરકારે લોકડાઉનને હટાવવાનો નિર્ણય લીધો છે. સ્વાસ્થ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, દેશમાં ૧૭ દિવસમાં કોરોનાનો એકપણ કેસ સામે આવ્યો નથી. ન્યૂઝીલેન્ડમાં કોરોના વાયરસના છેલ્લા કેસમાં પણ વીતેલા ૪૮ કલાકમાં કોરોનાના કોઈ લક્ષણ જોવા મળ્યા નથી. મહિલા દર્દી ઓકલેન્ડની એક હોસ્પિટલમાં દાખલ છે.

વડાપ્રધાન જેસિન્ડા આર્ડને જાહેરાત કરી છે કે તેમનું દેશ લેવલ-૧ એલર્ટથી આગળ વધશે. સોમવારે અડધી રાત્રે લગ્ન, અંતિમ સંસ્કાર અને પબ્લિક ટ્રાન્સપોર્ટ કોઈપણ પ્રતિબંધ વગર શરૂ કરાશે.




## કેજરીવાલને તાવ અને કફ થતાં આજે કોરોનાનો ટેસ્ટ કરાવાશે

નવી દિલ્હી, તા. ૮

કોરોના વાયરસ સામે ઝઝૂમી રહેલ દિલ્હી માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તબીયત ખરાબ થઈ ગઈ છે. તેમને રવિવારના રોજ સામાન્ય તાવ અને ગળામાં દુઃખાવો થતો હતો. કોરોના વાયરસના ભયના કારણે આવતીકાલે મંગળવારના રોજ તેમનો કોરોનાનો ટેસ્ટ કરવામાં આવશે. તબિયત ખરાબ થઈ જવાના કારણે તેમણે સોમવારની પોતાની તમામ મીટિંગ્સ રદ કરી દીધી છે. પ્રાથમિક માહિતી અનુસાર કેજરીવાલે ગઈકાલે દિલ્હીમાં કોરોનાની સ્થિતીની જાણકારી આપવા માટે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ત્યારબાદથી તેમની તબિયત થોડી બગડી ગઈ હતી.

## લોકડાઉનમાં ઘાનાનો ફૂટબોલર ભારતમાં ૭૩ દિનથી ફસાયો હતો

**સરકારે મદદ કરતા વિદેશી ખેલાડી વતન ભણી : રેન્ડી મુલર મુંબઈ એરપોર્ટ નજીકના પાર્કમાં ૭૩ દિવસ પસાર કર્યા બાદ વતન ફર્યો : પોલીસે પણ તેને મદદ કરી**

મુંબઈ, તા. ૮

ભારતમાં અચાનક જ લોકડાઉન અમલી બની જતાં ઘણા વિદેશીઓ ભારતમાં ફસાઈ ગયા હતા. ભારતે ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ કરી દીધા બાદ આ વિદેશીઓ તેમના વતનમાં પરત ફરી શક્યા ન હતા. તેમાંનો એક હતો ઘાનાનો ૨૩ વર્ષનો ફૂટબોલ ખેલાડી રેન્ડી જુઆન મુલર. માર્ચ મહિનાથી વિમાન સેવા બંધ થઈ ગઈ હોવાથી તે ૭૩ દિવસથી મુંબઈમાં એક પાર્કમાં જ રહેતો હતો. અંતે સરકારે તેની મદદ કરી છે. મુલર કેરળમાં રમાતી ફૂટબોલ ટુર્નામેન્ટ સેવન-એ-સાઈડમાં રમતો હતો. તે પોતાના વતન પરત ફરવા માટે નીકળ્યો હતો અને મુંબઈ સુધી તો આવી ગયો હતો પરંતુ મુંબઈ પહોંચ્યા બાદ ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ થઈ ગઈ. તેની પાસે માત્ર એક હજાર રૂપિયા હતા. સીઆઈએસએફ અને મુંબઈ પોલીસની મદદથી તેણે મુંબઈ એરપોર્ટ બહાર એક પાર્કમાં જ પોતાનું ઘર બનાવી દીધું. જ્યાં તે છેલ્લા



● અનુસંધાન પાન-૭ પર

## બંગાળની ખાડીમાં વાવાઝોડુ 'ગતિ' ત્રાટકવાની સંભાવના

**ઓડિશામાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જારી : ગતિ ત્રાટકશે તો પણ તે એમ્ફાનથી ખુબ જ નબળુ રહેશે, તેનાંથી જાનમાલને નુકસાન થવાની સંભાવના પણ ઓછી**

નવી દિલ્હી, તા. ૮

પશ્ચિમ બંગાળ અને ઓડિશા રાજ્યને હજુ વિનાશક ચક્રાવાત એમ્ફાનની કળ વળી નથી ત્યાં બંગાળની ખાડીમાંથી ગતિ નામનું વાવાઝોડુ ત્રાટકવાની ભીતિ ભારતીય હવામાન વિભાગના સુત્રોએ વ્યક્ત કરી છે. તેની સાથે વિભાગે રાહતના સમાચાર આપતા જણાવ્યું હતું કે ગતિ ત્રાટકશે તો પણ તે એમ્ફાનથી ખુબ જ નબળુ ચક્રાવાત હશે. તેમજ તેનાંથી જાનમાલને નુકસાન થવાની સંભાવના પણ ખુબ જ ઓછી છે.

બંગાળની ખાડીમાં ફરીથી લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ રહી છે. તેનું પ્રથમ ચરણ મ્યાનમારની પાસે જ તૈયાર થશે. નિમ્ન દબાણના કારણે વાવાઝોડાનું સ્વરૂપ વિકરાળ થવાની સંભાવના ખુબ જ ઓછી છે. તેમ છતાં તેના પ્રભાવથી ઓડિશામાં મુશળધાર વરસાદ થવાની સંભાવના છે. તેની સાથે તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરળના કેટલાક વિસ્તારોમાં પણ ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલાં લો પ્રેશરન કારણે દરિયાઈ ખાડી વિસ્તારોમાં ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે આગામી બે દિવસમાં ઓડિશામાં ભારેથી અતિભારે વરસાદ થવાની ચેતવણી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સતત બીજા દિવસે પેટ્રોલ અને ડિઝલમાં ભાવ વધારો

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં ૧લી જૂનથી લૉકડાઉન હેઠળના પ્રતિબંધોમાં વ્યાપક છૂટથી ઈંધણની માગ વધતા અને ક્રૂડના ભાવમાં સાધારણ વધારાના કારણે રવિવારે સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૬૦ પૈસા સુધીનો વધારો કરાયો હતો. અંદાજે ૮૩ દિવસમાં પહેલી વખત પેટ્રોલ-ડીઝલની બેઝ પ્રાઈસમાં વધારો થયો હતો.

જેમાં આજે સતત બીજા દિવસે પણ ૬૦ પૈસાનો વધારો થયો છે. દરમિયાન ઓપેક અને સંલગ્ન રાષ્ટ્રો પણ જુલાઈના અંત સુધી ક્રૂડ ઓઈલના ઉત્પાદનમાં વધુ કાપ મુકવા સંમત થયા છે. આથી, નજીકના સમયમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો થવાની સંભાવના છે. દેશમાં ૧લી જૂનથી લૉકડાઉનમાં છૂટછાટો મળતાં રસ્તા પર ટ્રાફિકની અવર-જવર શરૂ થઈ ગઈ છે. પરિણામે પેટ્રોલ અને ડીઝલની માગ પણ વધવાનું શરૂ થયું છે. દેશમાં છેલ્લે પેટ્રોલ અને ડીઝલમાં ૧૬મી માર્ચે ફેરફાર જોવા મળ્યો હતો. ત્યારથી લઈને રવિવાર સુધી વિવિધ રાજ્ય સરકારો દ્વારા વેટ અથવા સેસ વધારવામાં આવતા પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા હતા. ઓઈલ કંપનીઓ દ્વારા લૉકડાઉનના કારણે પેટ્રોલ-ડીઝલની માગ ન હોવાથી ભાવમાં દૈનિક સમિક્ષા બંધ કરી દેવાઈ હતી.






## મરીન ડ્રાઈવ પર સનસેટ માણતાં સૈફ અલી-કરિનાને પોલીસે પાછા મોકલ્યા

**બન્ને કલાકારો સહિત તૈમુરે માસ્ક પહેર્યા ન હતા : પોલીસે તૈમુરને બહાર ન લાવવા માટે સૈફ-કરીનાને સુચના આપી**

મુંબઈ, તા. ૮

સૈફ અલી ખાન અને કરીના કપૂર તેમના પુત્ર તૈમૂર સાથે દરિયા કિનારે મરીન ડ્રાઈવ પર ફરવા ગયા હતા, એ દરમિયાન પોલીસે તેમને અટકાવ્યા હતા. મરીન ડ્રાઈવનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તૈમૂર સૈફના ખભા પર બેઠો છે અને કરીના પણ તેની સાથે ઊભી છે. એવામાં પોલીસ તેમને બૂમ પાડે છે અને તૈમૂરને બહાર ન લાવવા સૂચના આપે છે. કોવિડ સંબંધિત નિયમો હેઠળ નાના બાળકોને ઘરની બહાર લઈ જવાની મંજૂરી નથી એમ તે સમજાવે છે. આ વાયરલ વીડિયોમાં સૈફ લાંબા સમય પછી પોતાના આખા પરિવાર સાથે સમુદ્રના સનસેટની મજા માણતો

● અનુસંધાન પાન-૭ પર